


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 016
Dt.: 24-09-2025,
Wednesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### દેશનું ડિફેન્સ સેક્ટર બનશે વધુ મજબૂત

# ભારત-મોરોક્કો વચ્ચે સંરક્ષણ સહયોગ માટે થયો કરાર

### આ MoU ભારત અને મોરોક્કો વચ્ચે વધતી ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મજબૂત માળખું પૂરું પાડે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મોરોક્કોના સંરક્ષણ પ્રધાન અબ્દેલલતીફ લૌધીએ સોમવારે રબાતમાં દ્વિપક્ષીય બેઠક યોજી, જેમાં સંરક્ષણ સહયોગ માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ભારતના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ MoU ભારત અને મોરોક્કો વચ્ચે વધતી ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મજબૂત માળખું પૂરું પાડે છે. તે સંરક્ષણ ઉદ્યોગમાં સહયોગ, સંયુક્ત કવાયત, લશ્કરી તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે માર્ગ મોકળો કરે છે. આ સોદો ભવિષ્યમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે.

ભારત અને મોરોક્કો બંનેના સંરક્ષણ પ્રધાનોએ લાંબા સમયથી ચાલતી ભારત-મોરોક્કો મિત્રતાને વધુ ગાઢ બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો. તેઓ આતંકવાદ વિરોધી, દરિયાઈ સુરક્ષા, સાયબર સંરક્ષણ, શાંતિ રક્ષા કામગીરી, લશ્કરી દવા અને નિષ્ણાત વિનિમય જેવા મુદ્દાઓ પર એક રોડમેપ વિકસાવવા સંમત થયા છે. રાજનાથ સિંહે રબાતમાં ભારતીય દૂતાવાસમાં એક નવી સંરક્ષણ શાખા ખોલવાની જાહેરાત કરી છે. તેમણે ભારતના સંરક્ષણ ઉદ્યોગ, જેમ કે ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજીની પરિપક્વતા અને અદ્યતન ક્ષમતાઓ પર પ્રકાશ પાડ્યો અને મોરોક્કોને ખાતરી આપી કે ભારતીય કંપનીઓ તેના સંરક્ષણ દળોની જરૂરિયાતો પૂરી કરી શકે છે.

બંને દેશોના સંરક્ષણ મંત્રીઓએ સશસ્ત્ર દળો વચ્ચે આદાનપ્રદાન વધારવા, તાલીમ કાર્યક્રમોને ટેકો આપવા અને સંરક્ષણ ક્ષેત્રમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે તકો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે હિંદ મહાસાગર અને એટલાન્ટિક કોરિડોરના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે બહુપક્ષીય સહયોગ અને દરિયાઈ સુરક્ષામાં ગાઢ સંકલન માટે પણ હાકલ કરી.

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ભારતમાં સંરક્ષણ સહયોગ વધારવા અંગે ચર્ચા માટે લૌધિયીને ઔપચારિક આમંત્રણ આપ્યું હતું.

ભારતીય સંરક્ષણ મંત્રાલયે આ બેઠકને ભારત-મોરોક્કો સંરક્ષણ સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવી હતી, જે બંને દેશોના વ્યૂહાત્મક હિતોના વધતા સંકલનને પ્રતિબિંબિત કરે છે. મોરોક્કો એક દરિયાઈ રાષ્ટ્ર છે અને ભારતની જેમ ભૂમધ્ય અને એટલાન્ટિક મહાસાગરોમાં દરિયાકિનારા સાથે એક અનોખી ભૌગોલિક સ્થિતિ ધરાવે છે. ભારત-મોરોક્કો સંબંધો ૧૪મી સદીના છે, જ્યારે પ્રખ્યાત પ્રવાસી અને લેખક ઈબ્ન બટુતાએ ભારતની મુલાકાત લીધી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે સંયુક્ત કાર્યકારી જૂથો નિયમિતપણે મળે છે.

### સરકારે પ્રતિબંધ લંબાવ્યો

# ભારતના એરસ્પેસમાં પાકિસ્તાની વિમાનોને હજુ નહીં મળે એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતે પાકિસ્તાની વિમાનો માટે એરસ્પેસ બંધ રાખવાની સમયમર્યાદા ફરી એકવાર લંબાવી છે. પડોશી દેશના લશ્કરી તથા નાગરિક વિમાનો ૨૪મી ઓક્ટોબર સુધી ભારતીય એરસ્પેસમાં પ્રવેશી શકશે નહીં. પાકિસ્તાને પણ જાહેરાત કરી છે કે તેનું એરસ્પેસ ૨૪મી ઓક્ટોબર સુધી ભારતીય વિમાનો માટે બંધ રહેશે. ભારત અને પાકિસ્તાને એરમેનને અલગ-અલગ નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે, જેમાં એરસ્પેસ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભારત દ્વારા મંગળવારે (૨૩મી સપ્ટેમ્બર) જાહેર કરાયેલા આદેશ અનુસાર, કોઈપણ પાકિસ્તાની-રજિસ્ટર્ડ વિમાન, જેમાં લશ્કરી વિમાનનો સમાવેશ થાય છે, અથવા પાકિસ્તાની એરલાઈન્સ દ્વારા ખરીદેલ અથવા ભાડે લીધેલા વિમાનનો સમાવેશ થાય છે, તેને ભારતીય હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ઉલ્લેખનીય છે કે, ૨૨મી એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નાગરિકોના મોત થયા હતા. ત્યારબાદ ભારતે પાકિસ્તાની વિમાનો માટે એરસ્પેસ બંધ કરવાની જાહેરાત કરી હતી. આ આદેશ ૩૦મી એપ્રિલથી અમલમાં આવ્યો હતો. ત્યારથી આ સમયમર્યાદા ઘણી વખત લંબાવવામાં આવી છે.

### ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ મજબૂત બની ગઈ

# રશિયાએ ભારતને આપી Su-૫૭ લડાકૂ વિમાનની ઓફર

### રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના Su-૫૭ સ્ટીલ્થ ફાઈટર જેટની સપ્લાઈ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)રશિય

ભારત અને રશિયાની મિત્રતા સમયની સાથે સાથે વધુ મજબૂત બની ગઈ છે. આ વચ્ચે ભારતની વાયુ શક્તિને વધુ શક્તિશાળી બનાવવા અંગે એક મહત્વનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો છે. ભારત પહેલેથી જ S-૪૦૦ના સિસ્ટમનો ઉપયોગ કરી રહ્યુ છે. અને આ ક્ષેત્રમાં સહયોગને આગળ વધારવાની સંભાવના છે. રશિયા પાસેથી મળેલા S-૪૦૦ ટ્રાયંફ એક ડિફેન્સ સિસ્ટમે હાલમાં જ ઓપરેશન સિંદૂર દરમિયન મોટી ભૂમિકા નિભાવી હતી. અને હવે રશિયાએ ભારતને પોતાની પાંચમી પેઢીના Su-૫૭ સ્ટીલ્થ ફાઈટર જેટની સપ્લાઈ અને લોકલ પ્રોડક્શનની ઓફર આપી છે. આવો જાણીએ Su-૫૭ ફાઈટર જેટની ખાસિયતો વિશે.



Su-૫૭ એ રશિયા દ્વારા વિકસિત પાંચમી પેઢીનું અતિઆધુનિક સ્ટેલ્થ મલ્ટી-રોલ ફાઈટર જેટ છે. આને રશિયાની મુખ્ય એરોસ્પેસની સુખોઈ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ વિમાન અમેરિકાના F-૨૨ Raptor અને F-35 Lightning II જેટલાં જ શક્તિશાળી માનવામાં આવે છે.

Su-૫૭ની પહેલી પરીક્ષણ ઉડાન ૨૦૧૦માં થઈ હતી અને ત્યારથી રશિયા સતત તેમાં નવી ટેક્નોલોજી ઉમેરતું આવ્યું છે. આ વિમાન હવા-થી-હવા, હવા-થી-જમીન હુમલાઓ અને ઈલેક્ટ્રોનિક યુદ્ધ જેવી અનેક ભૂમિકાઓમાં નિષ્ણાત છે

મુખ્ય ખાસિયતો

૧. સ્ટીલ્થ ટેક્નોલોજી

Su-૫૭નું ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે રડારમાં બહુ ઓછું દેખાય છે. તેની બોડી મટિરિયલ અને ખાસ પેઈન્ટિંગથી દુશ્મનની રડાર તરંગો આને પકડી નથી શકતી.જેથી શત્રુની સીમામાં પ્રવેશ કરીને ગોપનીય રીતે મિશન પૂરું કરી શકે છે.

૨. સુપરક્રૂઝ ક્ષમતા

આ વિમાન આફટરબર્નર વિના (જે વધુ ઈંધણ વાપરે છે) અવાજથી વધુ ઝડપે ઉડી શકે છે. આ ક્ષમતા "સુપરક્રૂઝ" તરીકે ઓળખાય છે, જે લાંબી અંતરયાત્રા માટે ખૂબ ઉપયોગી છે.

૩. અદ્યતન એવિઓનિક્સ સિસ્ટમ

Su-૫૭માં આધુનિક રડાર, સેન્સર્સ, ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ અને ડેટા-લિંક ટેક્નોલોજી છે. આ રડાર એક સાથે અનેક શત્રુ વિમાનો અને મિસાઈલોને ટ્રેક કરી શકે છે.

૪. સુપર મેન્યુવરબિલિટી

Su-૫૭ ના વિમાનની ડિઝાઈન અને તેના એન્જિન એવી રીતે બનાવવામાં આવી છે કે તે ઝડપથી હવામાં દિશા બદલી શકે છે. તે અન્ય વિમાનોની તુલનામાં ખૂબ જ ચપળ માનવામાં આવે છે, જે તેને દુશ્મનોને ફેરવવાની અને ટાળવાની ક્ષમતા આપે છે.

૫. મલ્ટી-રોલ ક્ષમતા

Su-૫૭ માત્ર હવાઈ યુદ્ધ માટે નથી, દુશ્મનની જમીન પરના ઠેકાણાઓને પણ ટાર્ગેટ કરી શકે છે. આ સિવાય તે ઈલેક્ટ્રોનિક યુદ્ધ માટે પણ ઉપયોગી છે.

### ગ્રામીણોએ ૨૦ કિમી પીછો કરી વિદ્યાર્થિનીને બચાવી

# મધ્ય પ્રદેશના ધારમાં એક વિદ્યાર્થીનીની ધોળા દિવસે કિડનેપિંગથી હડકંપ મચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્ય પ્રદેશ

મધ્ય પ્રદેશના ધારમાં એક વિદ્યાર્થીનીની ધોળા દિવસે કિડનેપિંગથી હડકંપ મચી ગયો છે. આ કિડનેપિંગની ઘટનાને ખૂબ જ ફિલ્મી સ્ટાઈલમાં અંજામ આપવામાં આવ્યો હતો. કિડનેપિંગ બાદ ગ્રામજનોના એક જૂથે કિડનેપર્સનો પીછો કર્યો અને ૨૦ કિલોમીટરના અંતરે વિદ્યાર્થીનીનું રેસ્ક્યૂ કર્યું. આ ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સોમવારે ધારના ગંધવાણી બસ સ્ટેન્ડ નજીક વિદ્યાર્થીનીના કિડનેપિંગ પછી આખા વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ૧૨માં ધોરણની એક વિદ્યાર્થીની ATM નજીક ઊભી હતી. ત્યારે ત્યાં કિડનેપર્સ આવી ટપક્યા.

કિડનેપર્સ મહિન્દ્રા બોલેરોમાં આવ્યા હતા. જલદી કાર ઊભી રાખીને તેમાંથી ૨ લોકો ઉતર્યા અને વિદ્યાર્થીનીને પકડીને બળજબરીપૂર્વક તેને કારમાં બેસાડી દીધી. કાર આગળ વધતાની સાથે જ ગામના લોકોએ અલગ-અલગ વાહનોથી કારનો પીછો કરવાનું શરૂ કરી દીધું. ગ્રામજનોએ ૨૦ કિલોમીટર સુધી કારનો પીછો કર્યો અને અંબાપુરા રોડ પર કિડનેપર્સની કારને રોકવામાં સફળ રહ્યા.વાસ્તવમાં બકરીઓનું એક ટોળું અચાનક અંબાપુરા રોડ પર આગળ આવી ગયું. આવી સ્થિતિમાં કિડનેપર્સની કાર પલટી ગઈ. આ દરમિયાન આરોપીઓ અન્ય વાહનોમાં પોતાનો જીવ બચાવવા ભાગી ગયા અને વિદ્યાર્થીને કારમાં જ છોડી દીધી.

ગામલોકો સ્થળ પર પહોંચ્યા અને વિદ્યાર્થીનીને કારમાંથી બહાર કાઢી અને ઘટના અંગે પોલીસને સંપૂર્ણ માહિતી આપી.પોલીસે આ મામલે ફરિયાદ નોંધી લીધી અને આરોપીની શોધ કરવામાં આવી રહી છે.

### ૩ કલાકનો રસ્તો ૧ કલાકમાં જ થઈ જશે પૂરો

# દેશની પહેલી ૮ લેનવાળી ટનલ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર બનાવવામાં આવી

### નવેમ્બર સુધી તેને શરૂ કરી દેવામાં આવશે, આ ટનલને મુકુંદરા હિલ્સમાં બનાવવામાં આવી રહી છે, જ્યાં ટાઈગર રિઝર્વ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં એક્સપ્રેસવે, હાઈવે અને રેલવેનો સતત વિસ્તાર થઈ રહ્યો છે. દરેક મોટા શહેરને જોડવા માટે હાઈ સ્પીડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે અને પછી ભલે રેલવે હોય કે પછી એક્સપ્રેસવે સફરને સરળ બનાવવા માટે સુરંગોનું પણ નિર્માણ થઈ રહ્યું છે. ગત કેટલાક વર્ષોમાં ડઝનબંધ ટનલોનું નિર્માણ થઈ ચૂક્યું છે, પરંતુ હવે દેશને પહેલી ૮ લેનવાળી ટનલની ભેટ મળવા જઈ રહી છે. આ ટનલની અંદર પણ ૧૦૦ની સ્પીડથી કાર દોડાવી શકાશે. આ ટનલ પૂરી થવાથી ૩ કલાકનો રસ્તો માત્ર ૧ કલાકમાં જ કાપી શકાશે. દેશની પહેલી ૮ લેનવાળી ટનલ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર બનાવવામાં આવી રહી છે. આ એક્સપ્રેસવે કોટા-દિલ્હી રૂટ પર આ ટનલ પડે છે. જેનું નિર્માણ કાર્ય હવે અંતિમ તબક્કામાં છે અને માનવામાં આવી રહ્યું છે કે, નવેમ્બર સુધી તેને શરૂ કરી દેવામાં આવશે. આ ટનલને મુકુંદરા હિલ્સમાં બનાવવામાં આવી રહી છે, જ્યાં ટાઈગર રિઝર્વ છે. એક્સપ્રેસવેના આ પેકેજ નંબર ૧૦ની લંબાઈ લગભગ ૨૬.૫ કિલોમીટર છે, જેમાં ૫ કિલોમીટર લાંબી ટનલ પણ આવે છે. એકવાર તેનું નિર્માણ પૂરુ થઈ ગયું તો દિલ્હીથી કોટાની વચ્ચે અવર-જવર પણ સરળ થઈ જશે.

આ પેકેજના નિર્માણમાં મોટુ સંકટ હાઈટેન્શન લાઈન છે. આ સેક્શન જયપુરના સિમાલિયા અને ફાગીની વચ્ચે પડે છે. તેને હટાવવા માટે ઘણા દિવસોનું શટડાઉન કરવું પડશે. આ જ કારણ છે કે, સરકાર હવામાન સારું થવાની રાહ જોઈ રહી છે. માનવામાં આવી રહ્યું છે કે, નવેમ્બર સુધી તેનું કામ પૂરુ થઈ જશે. ત્યારબાદ ડિસેમ્બરથી દિલ્હી અને કોટાની વચ્ચે આ ટનલના રસ્તાથી વાહનોની અવરજવર શરૂ કરી દેવામાં આવશે. દૌસા સેક્શનના પ્રોજેક્ટ ડિરેક્ટર ભારત સિંહનું કહેવું છે કે, ભારે વરસાદના કારણે કામ થોડા દિવસ માટે રોકવું પડ્યું હતું.ટનલના અભાવમાં હાલ મુકુંદરા હિલ્સને પાર કરવા માટે વાહનોને સવાઈમાધોપુરના રસ્તેથી લગભગ ૬૦ કિલોમીટર સુધી હાઈવે ફરીને જવું પડે છે. આગળ જઈને આ હાઈવે દૌસા જિલ્લાના લાલસોટની પાસે એક્સપ્રેસવેને મળે છે. ટનલ તૈયાર થયા બાદ એક્સપ્રેસવે સીધો કોટા સુધી જશે અને મુકુંદરા હિલ્સની વચ્ચેથી પાર કરી શકાશે. આ પ્રકારે, જે સફરને પૂરો કરવામાં હાલ ૩ કલાક લાગી જાય છે, તે માત્ર ૬૦ મિનિટમાં જ કપાઈ જશે.મુકુંદરા હિલ્સની પહાડીઓની નીચે ૫ કિલોમીટર લાંબી આ ટનલ ૨૨ મીટર પહોળી હશે, જેમાં દરેક તરફ વાહન માટે ૪ લેન બનાવવામાં આવશે. આ ટનલને પાર કરતા જ વાહન ગુજરાતની સરહદમાં પ્રવેશ કરી શકશે. ટનલની વિશેષતા એ છે કે, તેના નિર્માણમાં ટાઈગર રિઝર્વને કોઈ પ્રકારનું નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી. નિર્માણ પૂરુ થયા બાદ પણ ઉપર જંગલી જાનવરોના હરવા ફરવાની જગ્યા જળવાઈ રહેશે અને નીચે વાહન ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપથી સફર કરી શકશે. છતાય ટાઈગર રિઝર્વ સુધી વાહનોનો અવાજ નહીં પહોંચે.

# દિલ્હીમાં ફરાળીનો લોટ ખાધા બાદ હડકંપ મચી ગયો

### જહાંગીરપુરી, મહેન્દ્ર પાર્ક, સમયપુર, ભલસ્વા ડેરી, લાલ બાગ અને સ્વરૂપ નગર વિસ્તારમાં આશરે ૨૦૦ લોકો બિમાર પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હીમાં ફરાળીનો લોટ ખાધા બાદ હટકંપ મચા ગયો છો. જહાંગીરપુરી, મહેન્દ્ર પાર્ક, સમયપુર, ભલસ્વા ડેરી, લાલ બાગ અને સ્વરૂપ નગર વિસ્તારમાં આશરે ૨૦૦ લોકો બિમાર પડ્યા છે. ઝાડા અને ઉલટી થતા તેઓને હોસ્પિટલ ખસેડાયા છે.

મળતી માહિતી પ્રમાણે દિલ્હીમાં ફરાળી લોટ ખાધા બાદ લોકો અચાનક બિમાર પડ્યા. અલગ અલગ વિસ્તારમાં ૧૫૦ થી ૨૦૦ લોકોને અચાનક ઝાડા ઉલટી થવા લાગ્યા જેઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યાં તેમની સ્થિતિ જોઈને સારવાર કરવામાં આવી.

હાલ દર્દીઓની હાલત સ્થિર છે. આ સાથે જ બીજેઆરએમ હોસ્પિટલ દ્વારા અપડેટ આપવામાં આવી છે કે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની હવે જરૂરત નથી. ઝાડા ઉલટી થવાને કારણે તેમની હાલત ખરાબ હતી. પરંતુ તે હવે ઠીક છે.

ઉત્તર પશ્ચિમ જિલ્લા DCP અનુસાર, દુકાનદારો અને સ્થાનિય લોકોને સતર્ક કરી દેવામાં આવ્યા છે. ફૂડ વિભાગને પણ આ મામલે જાણકારી આપવામાં આવી છે.

૨૩ સપ્ટેમ્બરની સવારે આશરે ૬.૧૦ કલાકે જહાંગીરપુરી પોલીસ સ્ટેશને સૂચના કરવામાં આવી હતી કે મોટી સંખ્યામાં લોકો કુટ્ટુનો લોટ ખાધા બાદ બેચેન થવા લાગ્યા અને ઝાડા ઉલટી શરૂ થવા લાગ્યા લોકોએ દુકાનદારને ઘેર્યા હતા.




## તંત્રી લેખ......

### પ્રદૂષણ પર સુપ્રીમની ચિંતા

ગ્લોબલ વોર્મિંગનાં માઠાં પરિણામ દુનિયા ભોગવી રહી છે. પ્રદૂષણને કાબૂમાં કેમ લેવું એ પ્રશ્ન વિકરાળ બનીને ઊભો છે, ત્યારે સર્વોચ્ચ અદાલતની ટિપ્પણી મહત્ત્વ ધરાવે છે. દેશની રાજધાની દિલ્હીમાં ફટાકડા પર પ્રતિબંધને લગતા એક કેસની સુનાવણી દરમ્યાન મુખ્ય ન્યાયમૂર્તિ બી.આર. ગવઈએ કહ્યું કે, દિલ્હી-એનસીઆરમાં વસતા લોકો સ્વચ્છ હવાના હક્કદાર છે, તો દેશના બાકીના લોકો કેમ નહીં ? સીજેઆઈનો સંકેત સ્પષ્ટ છે કે, દિલ્હીમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે એ રીતે દેશભરમાં દારૂખાનું પ્રતિબંધિત થવું જોઈએ.

પ્રદૂષણનું બીજું એક કારણ છે હરિયણા-પંજાબમાં ખેડૂતો દ્વારા સળગાવવામાં આવતી પરાળ. શિયાળામાં દિલ્હીમાં પ્રદૂષણ તમામ હદ વટાવી જાય છે, ત્યારે દરવર્ષે આ ગંભીર સ્થિતિ માટે પરાળના ધુમાડાને જવાબદાર માનવામાં આવે છે. સર્વોચ્ચ અદાલત અગાઉ પણ રાજ્ય સરકારોને આ પદ્ધતિ બંધ કરાવવા અને કડક પગલાં ભરવાની હિમાયત કરી ચૂકી છે. સીજેઆઈએ લાલ આંખ કરતાં કહ્યું કે, પરાળ બાબતે ખેડૂતોને કારાવાસમાં નાખી દેવા જોઈએ. ભારત માટે પ્રદૂષણ ચિંતાનો વિષય છે. દુનિયામાં સૌથી પ્રદૂષિત દેશોમાં ભારતનો પાંચમો ક્રમ છે, પણ દિલ્હી દુનિયામાં પ્રથમ ક્રમ ધરાવે છે. ફટાકડા નિઃસંદેહ પ્રદૂષણ બગાડે છે. વિડંબણા એ છે કે, આ મુદ્દે ગંભીર ચર્ચા માત્ર દિલ્હીના પ્રદૂષણ અને ફટાકડા પૂરતી જ સીમિત રહી જાય છે. મુખ્ય ન્યાયમૂર્તિની ટિપ્પણી આ પરિપેક્ષમાં મહત્ત્વ ધરાવે છે. સીજેઆઈએ સચિંત કહ્યું કે, સ્વચ્છ આબોહવા આખા દેશના નાગરિકોનો અધિકાર છે.

દિલ્હીના પ્રદૂષણ માટે ફટકડા ઉપરાંત અનેક પરિબળો જવાબદાર છે. દિવાળીના તહેવારની કલ્પના ફટાકડા વિના મુશ્કેલ છે, પણ દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણની ગંભીર સ્થિતિને લીધે દારૂખાનાના ધૂમધડાકા પર પાબંદી છે. વળી દીપોત્સવના ગાળામાં જ રાજધાનીની હવામાં પ્રદૂષણનું પ્રમાણ મર્યાદા ઓળંગી જાય છે. ફટાકડા એવી વસ્તુ છે, જેમાં સંયમ રાખી શકાય છે. વિજ્ઞાન-સંશોધનના યુગમાં ગ્રીન ફટાકડાનો કોન્સેપ્ટ વિકસી રહ્યો છે.

આ એવા ફટાકડા છે, જેમાં ધૂમાડો ઓછો થાય છે, પણ તેનાથી પ્રદૂષણમાં અમુક અંશે વધારો થાય જ છે. દિલ્હી અને દેશમાં પ્રદૂષણની સ્થિતિ સુધારવા માટે બહુકોણીય વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે, જેમાં પરાળ અને ફટાકડા નિયંત્રણ સાથે જૂનાં વાહનોના વપરાશ પર પ્રતિબંધ, ઉદ્યોગો અને નદીઓમાં વધતા પ્રદૂષણ પર લગામ જેવા પાસાંને પારખીને કાયમી હલ શોધવો પડશે. જૈન ધર્મમાં ફટાકડા વિરોધી ઝુંબેશ ઘણા વર્ષોથી ચાલે છે. ફટાકડાથી દૂર રહેનાર બાળકોને ઈનામ કે પ્રલોભન જેવાં પગલાં લેવાય છે. ફટાકડાનો ધુમાડો શ્વાસોચ્છ્વાસમાં જતાં આરોગ્યના પ્રશ્નો ઊભા થાય છે. એટલે જ આપણા તહેવાર-ઉત્સવ કે ઉજવણીની પદ્ધતિ એવી હોવી જોઈએ જે સમાજ માટે અહિતકારી ન બને.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : સોના-ચાંદીનાં વાયદામાં ચાલુ રહેલી તેજીની રફતાર: બંને કીમતી ધાતુઓના વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૨ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૦૧૧.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૮૧૧૬૭.૧૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૪૪૪૮.૪૭ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૬૭૬૮ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૫૨૯૧૮૭.૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૮૦૧૧.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૮૧૧૬૭.૧૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૬૭૬૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૩૧૬.૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૪૪૪૮.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૨૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૪૧૭૯ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૧૨૧૭૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨૨૩૦ના આગલા બંધ સામે રૂ.૧૮૧૦ વધી રૂ.૧૧૪૦૪૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૭૯૭ વધી રૂ.૯૧૫૫૬ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૧૧ વધી રૂ.૧૧૪૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧૭ વધી રૂ.૧૧૩૯૮૭ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૨૩૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૪૪૫૨ અને નીચામાં રૂ.૧૧૨૩૧૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૨૪૦૩ના આગલા બંધ સામે રૂ.૧૮૭૭ વધી રૂ.૧૧૪૨૮૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૩૨૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૫૫૭ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૩૩૧૭૮ના મથાળે અથડાઈ, રૂ.૧૩૩૫૫૫ના આગલા બંધ સામે રૂ.૧૮૯૧ વધી રૂ.૧૩૫૪૪૬ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૮૭૪ વધી રૂ.૧૩૫૨૯૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૮૬૭ વધી રૂ.૧૩૫૨૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૨૨૮.૬૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૧૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૧૮ અને નીચામાં રૂ.૩૬૭૦ના સ્તરને સ્પર્શી, રૂ.૨૯ ઘટી રૂ.૩૬૮૭ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૪૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૦૯ અને નીચામાં રૂ.૫૪૭૬ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૨૨ના આગલા બંધ સામે રૂ.૮૨ વધી રૂ.૫૬૦૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૮૦ વધી રૂ.૫૬૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૨૪૬.૯ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨.૮ ઘટી રૂ.૨૪૭ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૮૩ના ભાવે ખૂલી, રૂ.૨.૮ ઘટી રૂ.૯૭૩.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૮ના ભાવે ખૂલી, રૂ.૨ વધી રૂ.૨૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૯૩૮૭.૩૨ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૦૬૧.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૦૪.૦૫ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૨૦૯.૪૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૦.૨૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૧૯.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૭.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૪૬.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૫૬૪.૮૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૬.૮૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૪૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૦૭૪૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૧૯૪૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૭૮૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૦૭૮૨૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૫૧૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૩૮૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૬૩૨૮ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૩૫૪૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૦૨૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૩૨૪૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૮૧૪૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૬૫૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૭૮૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૬૪૭૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૬૦૫ પોઈન્ટ વધી ૨૬૭૬૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૯ વધી રૂ.૧૭૩.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧૫ ઘટી રૂ.૧.૩ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૯.૫ વધી રૂ.૩૨૬ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૫૯ વધી રૂ.૧૬૧૦.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા ઘટી રૂ.૨.૮ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૦ પૈસા ઘટી રૂ.૦.૧ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૩.૫૫ વધી રૂ.૧૭૫.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૧ ઘટી રૂ.૧.૩૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૧.૫ વધી રૂ.૩૨૫.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૯૯.૫ વધી રૂ.૧૫૮૮ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪.૨ ઘટી રૂ.૧૩૦.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ વધી રૂ.૪.૮ થયો હતો.

આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૩૫ ઘટી રૂ.૩૨૭ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૩૯ ઘટી રૂ.૧.૩૩ થયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪ પૈસા ઘટી રૂ.૦.૦૧ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૨.૩ ઘટી રૂ.૧૩૨.૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૪.૮ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૮ ઘટી રૂ.૬૨ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૯૮ ઘટી રૂ.૩૭૪.૫ના ભાવે બોલાયો હતો.

### ‘મતદારયાદી સુધારણા, NGSP તથા મીડિયા, અને સોશિયલ મીડિયાથી લોકજાગૃતિ’ વિષયક માર્ગદર્શક સત્રોનું આયોજન

# મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને જિલ્લાઓના અધિક અને નાયબ ચૂંટણી અધિકારીઓનો વર્કશોપ

ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી જ્ઞાનેશ કુમારના માર્ગદર્શનમાં ભારતના ચૂંટણીપંચ દ્વારા મતદારયાદી સુધારણા માટે જાહેર કરાયેલી માર્ગદર્શિકાના સુચારું અમલીકરણ માટે ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી હારીત શુક્લાના અધ્યક્ષસ્થાને વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓના અધિક અને નાયબ ચૂંટણી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મતદારયાદી સુધારણા અંગેની પોતાના સંબોધનમાં મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં મતદાર યાદી સઘન સુધારણા હેઠળ કુલ ત્રણ તબક્કામાં કામગીરી કરવામાં આવશે. રાજ્યના કોઈપણ નાગરિકો ceo.gujarat.gov.in વેબસાઈટ પરથી મતદાર યાદીમાં તેમના નામ અંગે ખરાઈ કરી શકે છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સમયબદ્ધતા અને ચોક્કસાઈ પર તેમણે ભાર મુક્યો હતો. મતદાર યાદી સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં અધિક અને નાયબ ચૂંટણી અધિકારીની ભૂમિકા ખૂબ મહત્ત્વપૂર્ણ હોય છે. જેના પગલે વર્કશોપમાં મતદારયાદી સુધારણાની કામગીરીના વિવિધ તબક્કાઓ, પડકારો અને NGSP (National Grievance Services Portal) તેમજ મતદાર યાદી સુધારણાની સમગ્ર પ્રક્રિયા દરમિયાન રાખવાની તકેદારી વિષયક અધિક કલેક્ટર શ્રીમતિ દર્શના રાંકે ઉપસ્થિતોને માર્ગદર્શન આપ્યું હતું. તદુપરાંત ભારતના ચૂંટણીપંચની માર્ગદર્શિકાઓની અમલવારી અંગે લોકોમાં જાગૃતિ લાવવા અને ગેરમાર્ગે દોરનારી ખોટી માહિતીનો પ્રસાર અટકાવવા માટે સોશિયલ મીડિયાના



અસરકારક ઉપયોગ તથા સમાચાર માધ્યમોને જરૂરી માહિતી સમયસર આપવા સહિતના વિષયોને અધિક કલેક્ટર શ્રી રિંકેશ પટેલે તેમના સત્રમાં આવરી લીધા હતા. જ્યારે અધિક મુખ્ય ચૂંટણી અધિકારી શ્રી એ.બી.પટેલે ઉપસ્થિતો સાથે સંવાદ સાધીને તેમની મુંઝવણો દૂર કરી હતી.

## રાજ્યની મહાનગરપાલિકાઓ માટે મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાની કાર્યપદ્ધતિ જાહેર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકાઓમાં ક્લાયમેટ રિઝિલિઅન્ટ અને સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન દ્વારા સુવ્યવસ્થિત શહેરી પરિવહન અને કાર્યક્ષમ રોડ નેટવર્ક માટેની મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાના અમલની SOPને મંજૂરી આપી છે.

રાજ્ય સરકારે શહેરી વિસ્તારમાં શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા વિકસાવવાના થતા આવા ગ્રીન રીંગ રોડ માટે રૂ.૨૦૦ કરોડનું બજેટ પ્રાવધાન કરેલું છે.

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરના મુખ્ય ભાગમાં પ્રવેશ્યા વિના શહેરના વિવિધ ભાગો વચ્ચે ઝડપી કનેક્ટિવિટી પૂરી પાડવા અને શહેરોના કેન્દ્રથી ટ્રાફિકને દૂર વાળવા શહેરની ફરતે રિંગ રોડ વિકાસથી કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે. એટલું જ નહિં, શહેરી વિસ્તારોમાં વધતા જતા ટ્રાફિક ભારણનું અદ્યતન અને સ્માર્ટ ટેકનોલોજીથી ડાયવર્ઝન, નિયંત્રણ અને વ્યવસ્થાપન કરવાની બાબતો પણ આવરી લેવામાં આવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગ્રીન રિંગ રોડ વિકાસ યોજનાની SOP તૈયાર કરવા માટે આ ક્ષેત્રના જાણકાર, અનુભવી અને જરૂરી કુશળતા ધરાવતા તજજ્ઞોની એડવાઈઝરી કમિટી અગ્ર સચિવશ્રીની અધ્યક્ષતામાં રચવામાં આવી હતી.

આ તજજ્ઞ કમિટીની ભલામણો મુજબ આવા રિંગ રોડ નિર્માણમાં અદ્યતન ગ્રીન-ક્લીન કન્સ્ટ્રક્શન ટેકનોલોજી અને સામગ્રીઓના વધુને વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય પણ રાખવામાં આવ્યો છે.

શહેરોની સુંદરતા અને પર્યાવરણપ્રિય મૂલ્યોમાં વધારો કરવાની સાથે દૃઢ અને ન્યૂનતમ જાળવણી ધરાવતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની બાબત આ રિંગ રોડ વિકાસ યોજનાની SOPમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. ગ્રીન રીંગ રોડ માટે સ્ટેઈનેબલ ઈન્ટીગ્રેશન અન્વયે કેરેઝ-વે, મીડિયન અને શોલ્ડર્સ, ડ્રેનેજ અને વરસાદી પાણીનું વ્યવસ્થાપન, રોડ યુટીલિટીઝ, વૃક્ષારોપણ તથા ટ્રાફિક વ્યવસ્થાપન અને રોડ સલામતિ સુવિધાઓ પણ આવરી લેવામાં આવી છે. જે મહાનગરોમાં ગ્રીન રિંગ રોડનો વિકાસ આ યોજનામાં કરવામાં આવે તેમાં નવીન સંસાધનો પરની જરૂરિયાત ઘટાડવા અને સરક્યુલર ઈકોનોમીને વેગ આપવા માટે રોડ નિર્માણમાં ઉપયોગ થનારા કુલ મટિરીયલના ૨૫ ટકા રિસાયકલ મટીરીયલના ઉપયોગને પ્રાથમિકતા આપવાનું પણ SOPમાં ઠરાવવામાં આવ્યું છે.

## સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન અંતર્ગત છ દિવસમાં રાજ્યમાં કુલ ૫૧ હજારથી વધુ સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પ યોજાયા

### રાજ્યમાં આ અભિયાન હેઠળ છ દિવસમાં ૨૮ લાખથી વધુ નાગરિકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના હસ્તે શરૂ થયેલ સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ ગુજરાત રાજ્યમાં છ દિવસમાં કુલ ૫૧,૭૬૪ થી વધુ સ્વાસ્થ ચકાસણી કેમ્પ યોજાયા હતા. જેમાં તા. ૨૨ ના રોજ ૧૦,૧૯૨ કેમ્પનું રાજ્યવ્યાપી આયોજન કરાયું હતું.

રાજ્યની સબ સેન્ટરથી લઈ મેડિકલ કોલેજમાં આ વિવિધ કેમ્પોનું આયોજન થયું હતું.

રાજ્યમાં આ અભિયાન હેઠળ છ દિવસમાં ૨૮,૫૮,૦૯૩ નાગરિકોએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ મેળવ્યો. આ અભિયાન અંતર્ગત ૮,૯૫,૬૧૩ જેટલા લેબટેસ્ટ અને ૩૭,૧૪૧ જેટલા એક્સ-રે કરવામાં આવ્યા.

આ ચકાસણી બાદ ૧૫,૧૧૮ જેટલા નાગરિકોને સ્ક્રિનિંગ કર્યા બાદની સારવાર અર્થે રિફર કરવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ છ દિવસમાં ૧૧.૮ લાખ નાગરિકોનું હાયપરટેન્શન , ૧૧.૧૩ લાખ નાગરિકોનું ડાયાબિટીસ અને ૭.૩૧ લાખ વ્યક્તિઓના ઓરલ, બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સરની તપાસ કરવામાં આવી છે.

૨.૮૯ લાખ લોકોની ટી.બીની બીમારીનું પણ સ્ક્રીનીંગ કરાયું છે.

આ છ દિવસ દરમિયાન ૮૧૭ જેટલા બ્લડ ડોનેશન કેમ્પ્સ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૭૭, ૨૦૮ યુનિટ બ્લડ એકત્ર કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ૬૪ હજારથી વધુ આયુષ્માન કાર્ડ પણ ઈસ્યુ કરવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય સરકાર, રાષ્ટ્રીય આરોગ્ય મિશન, સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન (SNSPA)ના નેજા હેઠળ, રાજ્યભરમાં આરોગ્ય શિબિરોના સંગઠન દ્વારા સુલભ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવા માટે તેની અતૂટ પ્રતિબદ્ધતા ચાલુ રાખે છે. ચાલુ પહેલના ભાગ રૂપે, સામાન્ય આરોગ્ય તપાસ, વિશિષ્ટ તબીબી સેવાઓ અને ડાયગ્નોસ્ટિક રેફરલ્સ પર કેન્દ્રિત આરોગ્ય શિબિરો યોજવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે વાજતે ગાજતે ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલ સરોવરને હિરાબા નામનુ લોકાર્પણ કર્યુ પરંતુ વિરોધ થતા ધારાસભ્ય બલવંતસિંહ રાજપુત મીડીયા સામે બોલવા તૈયાર ન થયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સિધ્ધપુર રીવરફ્રન્ટ ખાતે કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલ સરોવરને માતૃશ્રી હિરાબા નામકરણ કરી તેનુ તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને સાથે રાખી સિધ્ધપુરના ધારાસભ્ય અને મંત્રી બલવંતસિંહ રાજપુત વાજતે ગાજતે લોકાર્પણ કરી ગયા છે. પરંતુ આ સિધ્ધપુરના તળાવને હિરાબા નામ અપાતા વિરોધ ઉઠવા પામ્યો છે જેને લઈ મીડીયા દ્વારા સતત ધારાસભ્ય બલવંતસિંહ રાજપુતનો સંપર્ક કરવાનો પ્રયાસ કરતા રાજપુત પોતે મીડીયાનો ફોન રીસીવ ન કરતા કયાંક આંટીઘુંટી પડી હોય તેવુ લાગી રહ્યુ હતુ, સરસ્વતી નદીના કિનારે હિરાબા સરોવર નામકરણ કરાતા સિધ્ધપુર નગરજનોમાં ભારે રોષ સાથે નારાજગી જોવા મળી હતી, ત્યારે આ બાબતે સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરે રાજયના મુખ્યમંત્રીને લેખિતમાં પત્ર લખી રીવરફ્રન્ટ ખાતેના સરોવરનુ નામ સિધ્ધપુરની અસ્મિતાને ઉજાગર કરી શકે તેવુ આપવા માંગ કરી છે. સરકાર અને તંત્ર દ્વારા રીવરફ્રન્ટ ખાતેના સરોવરનુ નામ માતૃશ્રી હિરાબા




સરોવર જ રાખવામાં આવ્યુ છે, જેથી સિધ્ધપુર શહેરીજનોમાં સરકારની આ કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી રહી છે, ત્યારે નગરજનોની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખીને સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરે રેલી યોજી આવેદનપત્ર આપવાના કાર્યક્રમનુ આયોજન કર્યુ હતું. પરંતુ જિલ્લા કલેકટર દ્વારા રાતોરાત ૪ વ્યકિતથી વધુ લોકો ભેગા ન થઈ શકે તેવુ જાહેરનામુ પ્રસિધ્ધ કરી રેલીના કાર્યક્રમને અસફળ બનાવ્યો હતો. જાહેરનામુ પ્રસિધ્ધ થતા પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરે આજે મંગળવારે પાટણ ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી માહિતી આપતા જણાવ્યુ હતુ કે કલેકટરે પોતાની સત્તાનો દુરુપયોગ કરીને સરકારના ઈશારે રાતોરાત જાહેરનામુ બહાર પાડી પ્રજાનો સાચો અવાજ દબાવવાનો પ્રયાસ કર્યો છે. જાહેરનામાની સમયમર્યાદા પુરી થયે અમે ફરીથી વિશાળ રેલી યોજી આવેદનપત્ર આપીશુ સાથે જ જરૂર પડે આ જાહેરનામા બાબતે કોર્ટમાં જવાની તૈયારી બતાવી હતી.

તો બીજી તરફ સિધ્ધપુરના ધારાસભ્ય અને હાલના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતની આ અંગે પ્રતિક્રિયા જાણવા માટે સતત મોબાઈલ ઉપર વાત કરવા માટેનો પ્રયાસ કરતા મંત્રી બલવંતાસિંહ રાજપુત દ્વારા મીડીયાનો ફોન રીસીવ કરવામાં ન આવતા કયાંક આંટીઘુંટી પડી હોય તેવુ ચર્ચાયુ હતું.

ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# મહાપ્રબંધક પશ્ચિમ રેલ્વેએ વડોદરા ડિવિઝનના બે કર્મચારીઓને સેફ્ટી એવોર્ડથી સન્માનિત કર્યા



રેલવે ના સંચાલનમાં સંરક્ષા સર્વોપરી હોય છે અને તે સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજગતા અને સતર્કતા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલ્વેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ વડોદરા ડિવિઝનના બે રેલવે કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન ફરજ પર હાજર રહેતા સતર્કતા બતાવતા અને સંભવિત અકસ્માતોને સમયસર ટાળવામાં મુખ્ય ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા હતા.

પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારીઓ (૧) શ્રી લક્ષ્મી નારાયણ, જે પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના ટિમ્બા રોડ ખાતે (ટ્રેકમેન-૧) તરીકે કાર્યરત છે. ૨૫.૦૭.૨૦૨૫ લાઈન પેટ્રોલિંગ દરમિયાન, સવારે ૮:૫૦ પર, કિલોમીટર ૫૬/૨૧-૨૩ ના અપ લાઈન માં જતી વખતે, તેમણે જોયું કે ટ્રેકમાં તિરાડ છે. તેમણે તે તેમના સાથી કીમેનને બતાવી અને તેની પાસેથી ખાતરી કરાવી. કીમેનને ખબર હતી કે ગોધરા આણંદ મેમુ આવવાની છે. તે લાલ ઝંડો અને ફટાકડા સાથે ટ્રેન તરફ દોડ્યો. દરમિયાન, તેમણે ગેટમેન દ્વારા સ્ટેશન માસ્ટરને જાણ કરી અને ટ્રેન રોકી. માહિતી આપ્યા પછી, તેમણે અને તેમના સાથી કર્મચારીએ મળીને જોગલ ઠીક કરીને અને તેને ક્લેમ્પ કરીને લાઈન સુરક્ષિત કરી. તેમણે ટ્રેન રોકી અને ૧૦ કિમી પ્રતિ કલાકની ગતિ મર્યાદા સાથે તેને પસાર થવા દીધી.

આમ, સતર્ક રહીને, શ્રી નારાયણે એક અસામાન્ય ઘટના ટાળી અને રેલ્વે મિલકતને મોટા નુકસાનથી બચાવી.

૨) શ્રી રતનસિંહ વાગલાભાઈ મુઢેલ ગોધરા ખાતે (ટ્રેકમેન III) તરીકે કામ કરે છે. તારીખ ૧૪.૦૮.૨૦૨૫ ના રોજ, શ્રી રતનસિંહ વાગલાભાઈ મુઢેલ, LC-38 પર ગેટમેન તરીકે કામ કરતા હતા, ત્યારે તેમણે માલગાડીના એન્જિનમાંથી ધુમાડો નીકળતો જોયો. તેમણે ટ્રેનને લાલ ઝંડી બતાવી અને તરત જ સ્ટેશન માસ્ટર – ખરસલિયાને જાણ કરી. ૦૮:૪૨ કલાકે સ્ટેશન માસ્તરે ટ્રેન રોકી, એન્જીન અલગ કરીને ટ્રેનને રવાના કરી દીધી.

તેમની સતર્કતા અને ત્વરિત કાર્યવાહીથી એક સંભવિત ગંભીર અકસ્માત ટાળી શકાયો અને રેલવે મિલકતને મોટા નુકસાનથી બચાવી શકાયો.

મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ પુરસ્કાર પ્રાપ્ત કરનાર કર્મચારીઓની સતર્કતાની પ્રશંસા કરતા કહ્યું કે તેઓએ તેમના કાર્ય પ્રત્યેના સમર્પણ દ્વારા અન્ય લોકો માટે પ્રેરણારૂપ સેવા આપી છે. આ કર્મચારીઓએ સંરક્ષા ના વિવિધ ક્ષેત્રો જેમકે કોચ/એન્જિન નીચે ધુમાડો અને તણખાની શોધ, ટ્રેકમાં ફ્રેક્ચર વગેરે માં સક્રિયપણે યોગદાન આપીને ટ્રેનોના સુરક્ષિત પરિચાલન સુનિશ્ચિત કરવામાં તેમના અતૂટ ઉત્સાહ અને પ્રતિબદ્ધતા દર્શાવી.

પશ્ચિમ રેલવેને તેના આવા કર્મચારીઓ પર ગર્વ છે, જેઓ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ ધીરજ અને સમજણ સાથે કામ કરે છે અને ટ્રેન સંચાલનની સલામતી સુનિશ્ચિત કરે છે. આ સન્માન ફક્ત તેમના વ્યક્તિગત પ્રયાસોને જ નહીં પરંતુ પશ્ચિમ રેલવે ની સંસ્કૃતિને પણ પ્રતિબિંબિત કરે છે, જ્યાં સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે છે.

# ૧૧૨ જનરક્ષક : વ્યવસ્થામાં વધારો કરવા ૫૦ થી વધુ પોલીસ જવાનો ફાળવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત સરકારે તમામ ઈમરજન્સી સેવાઓ માટે એક જ નંબર શરૂ કર્યો છે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં આ ઈમરજન્સી નંબર લોન્ચ કર્યો હતો અને એક સાથે ૫૦૦ થી વધુ વાહનોને લીલીઝંડી આપી હતી.

પરંતુ હવે તે પોલીસ માટે જ સુવિધાને બદલે દુવિધા આપતી સેવા બની હોય તેવુ ચિત્ર સામે આવ્યુ છે. જે બાદ દરેક પોલીસ મથકમાં ૫૦ થી વધુનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા ૧૧૨ જનસુરક્ષા સેવા માટે એક ખાનગી કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે જે અમદાવાદમાં આવેલ સેન્ટરમાં ૧૦૦ થી વધુનો સ્ટાફ કામગીરી સંભાળી રહ્યો છે.

જે મેડીકલ, સુરક્ષા, ફાયર સહિતના ઈમરજન્સી કોલ લઈ જે તે વિસ્તારમાં રહેલ ૧૧૨ ને જાણ કરશે તેવી સુવિધા આપવામાં આવી છે. પરંતુ હકીકત કંઈક અલગ સામે આવી હતી. જેમાં પોલીસવાનને એક જ લોકેશન પર ઉભુ રહેવાનો તઘલખી નિયમથી પણ પોલીસબેડામાં કચવાટ ઉભો થયો છે. પોલીસની સામે મર્ડર થાય તો પણ કંઈ ન કરી શકે તેવી સ્થિતિ ઉભી થઈ છે. ખાનગી કંપની સંચાલીત ૧૧૨ વાનમાં એક ડ્રાઈવર જે કંપની તરફથી આપવામાં આવે છે તે વાનમાં પોલીસ મથકના બે જવાનો રાખવાના હોય છે, દરેક પોલીસ મથક વિસ્તારમાં બે અથવા ત્રણ લોકેશન આપવામાં આવ્યા છે. તે જ લોકેશન પર વાન ઉભી રાખવી પડે છે, કેમ કે તેમનુ જીપીએસ સિસ્ટમથી અમદાવાદ સેન્ટરમાં અપડેટ મળતુ હોય છે, જેથી દરેક પોલીસ મથકમાં મહેકમ ઘટવાની ફરીયાદ આવી રહી છે. જે મામલે પોલીસ કમિશ્નર બ્રેજેશકુમાર ઝા અને એડીશનલ સીપી મહેન્દ્ર બગરીયા ના માર્ગદર્શન હેઠળ ૫૦ થી વધુ પોલીસ જવાનોને અલગ અલગ પોલીસ મથકમાં મુકી પોલીસની તાકાતમાં વધારો કરવામાં આવ્યો છે. ઉપરાંત નવરાત્રી સહિતના તહેવારોમાં ૧૧૨ ની ટીમ પેટ્રોલીંગ પણ કરશે એવુ પોલીસસુત્રોમાંથી જાણવા મળી રહ્યુ છે.

### ૧૨,૦૦૦ ખાસ ટ્રેનો છઠ્ઠ અને દિવાળી દરમિયાન દોડશે; પાછલા વર્ષ કરતા ૭૫૦૦ થી વધુ

# પંજાબ માટે મેજર રેલ ડેવલપમેન્ટ : નવી રેલ લાઈન અને વંદે ભારત એક્સપ્રેસ




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ પંજાબ માટે એક વધુ મોટું રેલવે માઈલસ્ટોન હાંસલ થયું છે. લાંબા સમયથી અપેક્ષિત પંજાબની રાજપુરા-મોહાલી નવી રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રિય રેલવે પ્રધાન શ્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય મંત્રી શ્રી રવિનીત સિંહ બિટ્ટૂએ આજે આ જાહેરાત કરી હતી. આ નિર્ણય પંજાબના લોકોએ છેલ્લા ૫૦ વર્ષથી કરી રહેલી માંગને પૂર્ણ કરે છે.

૧૮ કિમી લાંબી આ રેલ લાઈન માટે રૂ. ૪૪૩ કરોડનો ખર્ચ થશે અને તે માલવા વિસ્તારમાંથી સીધો રાજ્યની રાજધાની ચંદીગઢ સાથે સંપર્ક સ્થાપિત કરશે.

● નવી લાઈનના મુખ્ય લાભોઃ

સીધી કનેક્ટિવિટીઃ અગાઉ, લુધિયાણાથી આવતી ટ્રેનોને ચંદીગઢ પહોંચવા માટે અંબાલા મારફતે જવું પડતું હતું, જેના કારણે વધારાનું અંતર અને સમય લાગતો હતો. હવે રાજપુરા અને મોહાલી વચ્ચે સીધું જોડાણ મળશે, જેથી મુસાફરીનું અંતર આશરે ૬૬ કિમી ઓછું થશે.

માલવા પ્રદેશના તમામ ૧૩ જિલ્લાઓ હવે ચંદીગઢ સાથે સારી રીતે જોડાશે. તે હાલના રાજપુરા-અંબાલા રૂટ પરના ટ્રાફિકને હળવો કરશે અને અંબાલા-મોરિંડા લિંકને ટૂંકી કરશે.

ઉપલબ્ધ તમામ વિકલ્પોમાંથી આ માર્ગ પસંદ કરવામાં આવ્યો છે કારણ કે તેમાં સૌથી ઓછું કૃષિ જમીન અધિગ્રહણ જરૂરી છે, જેનાથી ખેતીની પ્રવૃત્તિઓ પર ન્યૂનતમ અસર થશે.

● આર્થિક અસરઃ

આ પ્રોજેક્ટ ટેકસટાઈલ્સ, મેન્યુફેક્ચરિંગ અને કૃષિ સહિતના ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે. તે પંજાબના કૃષિ આધારભૂત વિસ્તારોને મુખ્ય વ્યાપારી કેન્દ્રો અને બંદરો સાથે જોડતો વ્યાપક નેટવર્ક ઉભું કરશે, જેના કારણે સુવિધા મળશેઃ

★ કૃષિ ઉત્પાદનોની ઝડપી હેરફેર

★ ઉદ્યોગો માટે પરિવહન ખર્ચમાં ઘટાડો (જેમ કે રાજપુરા થર્મલ પાવર પ્લાન્ટ)

★ ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા યાત્રાળુઓ માટે વધુ સારી કનેક્ટિવિટી અને પર્યટન માટે વધારાની સંભાવનાઓ

★ ગુરુદ્વારા ફતેહગઢ સાહિબ, શેખ અહમદ અલ-ફારૂકી અલ-સિરહંદીનો દરગાહ, હવેલી તોડર મલ, સાંઘોળ મ્યુઝિયમ વગેરે સાથેની કનેક્ટિવિટી

● નવી વંદે ભારત એક્સપ્રેસ સર્વિસ :

એક નવી વંદે ભારત એક્સપ્રેસને કનેક્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છેઃ

★ માર્ગઃ ફિરોઝપુર કેન્ટ. > ભટિંડા > પટિયાલા > દિલ્હી

★ સર્વિસ : અઠવાડિયામાં ૬ દિવસ (બુધવાર સિવાય)

★ મુસાફરીનો સમયઃ ૬ કલાક ૪૦ મિનિટ (૪૮૬ કિમીનું અંતર)

★ ફ્રીક્વન્સી : દૈનિક સેવા, જે સરહદી જિલ્લાને રાષ્ટ્રીય રાજધાની સાથે જોડશે

● પંજાબમાં રેલવેનું રેકોર્ડ રોકાણઃ

★ ૨૦૦૯-૧૪ નો સરેરાશઃ દર વર્ષે રૂ. ૨૨૫ કરોડ

★ ૨૦૨૫-૨૬ઃ દર વર્ષે રૂ.૫,૪૨૧ કરોડ

★ વધારોઃ અગાઉની સરકારની તુલનામાં ૨૪ ગણો વધારે

● ૨૦૧૪ પછીના મુખ્ય સફળતાઃ

★ નવી ટ્રેક્સઃ ૩૮૨ કિમીનું નિર્માણ

★ વિજળીકરણઃ ૧,૬૩૪ કિમી – પંજાબ હવે ૧૦૦% વિજળીકૃત

★ રેલ ફ્લાયઓવર્સ અને અન્ડર-બ્રિજઃ ૪૦૯ નું નિર્માણ

● હાલના પ્રોજેક્ટ્સઃ

★ પંજાબમાં રૂ. ૨૫,૦૦૦ કરોડના રેલ્વે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યા છે

**મહત્વપૂર્ણ પ્રોજેક્ટ ૨૦૧૪ થી સંપૂર્ણપણે કાર્યરત છે**

| ક્રમાંક | પ્રોજેક્ટ |
|---|---|
| ૧ | નાગલ ડેમ - દૌલતપુર ચોક નવી લાઈન (૬૧ કિમી, ૬૭૨ કરોડ) |
| ૨ | ચક્કી બેંક - ભરોલી ડબલિંગ (૩ કિમી, ૧૫ કરોડ) |
| ૩ | જાખલ - મન્સા ડબલિંગ (૪૫ કિમી, ૧૬૩ કરોડ) |
| ૪ | જલંધર - સુચીપિંડ ડબલિંગ (૪ કિમી, ૨૪ કરોડ) |
| ૫ | અંબાલા - ચંડીગઢ ડબલિંગ (૪૫ કિમી, ૩૩૮ કરોડ) |
| ૬ | મન્સા – ભઠિંડા ડબલિંગ (૪૯ કિમી, ૨૧૬ કરોડ) |
| ૭ | અમૃતસર - છેહર્તા ડબલિંગ (૭ કિમી, ૩૧ કરોડ) |
| ૮ | જલંધર - જમ્મુ તાવી ડબલિંગ (૨૧૧ કિમી, ૮૫૦ કરોડ) |
| ૯ | રાજપુર - ભઠિંડા ડબલિંગ (૧૭૩ કિમી, ૨,૪૫૯ કરોડ) |

**હાલ કાર્યરત મુખ્ય પ્રોજેક્ટ્સ**

| | પ્રોજેક્ટ |
|---|---|
| ૧ | નાંગલ ડેમ - તલવારા નવી લાઈન(૧૨૩ કિમી, ૨,૦૧૮ કરોડ) |
| ૨ | ભાનુપલ્લી - બિલાસપુર - બેરી નવી લાઈન (૬૩ કિમી, ૬,૭૫૩ કરોડ) |
| ૩ | ફિરોઝપુર - પટ્ટી નવી લાઈન (૨૬ કિમી, ૩૦૦ કરોડ) |
| ૪ | મન્સા – ભટિંડા ડબલિંગ (૮૦ કિમી, ૪૪૯ કરોડ) |
| ૫ | લુધિયાણા - કિલા રાયપુર ડબલિંગ (૧૭ કિમી, ૨૩૮ કરોડ) |
| ૬ | લુધિયાણા – મુલ્લાંન પુર ડબલિંગ (૨૧ કિમી, ૨૯૫ કરોડ) |
| ૭ | અલાલ - હિમ્મતાના ડબલિંગ (૧૩ કિમી, ૧૭૪ કરોડ) |

★ ૯ નવા ટ્રેક પ્રોજેક્ટ્સઃ ૭૧૪ કિમી કવર કરતા ,રૂ. ૨૧,૯૨૬ કરોડનું મૂલ્ય

★ ૩૦ અમૃત સ્ટેશનોનો વિકાસઃ રૂ. ૧,૧૨૨ કરોડ

★ ૮૮ આર.ઓ.બી/ આર.યુ.બી. (ફ્લાયઓવર્સ/ અન્ડરપાસ)ઃ રૂ. ૧,૨૩૮ કરોડ

ફિરોઝપુર-પટ્ટી રેલ લાઈન સરહદી જિલ્લાઓ અને ગુજરાતના બંદરો વચ્ચે મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ સેવા પંજાબના સરહદી જિલ્લાઓ (અમૃતસર, તરન તારન, ફિરોઝપુર)ને એક આર્થિક કૉરીડોર સાથે જોડશે.

આ જિલ્લાઓ મુખ્ય શહેરો અને અંતે ગુજરાતના બંદરો સાથે જોડાશે, જેના કારણે લોજિસ્ટિક્સ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે.

● ફેસ્ટિવલ સિઝન : રેકોર્ડ ટ્રેન સેવાઓ

આવતા છઠ્ઠ અને દિવાળી સીઝન માટે, ભારતીય રેલવે એ રેકોર્ડ વ્યવસ્થા કરવાની જાહેરાત કરી છેઃ

● ખાસ ટ્રેન સેવાઓઃ

★ ગયા વર્ષેઃ ૭,૭૨૪ ખાસ ટ્રેન

★ આ વર્ષે લક્ષ્યઃ ૧૨,૦૦૦ ખાસ ટ્રેન

★ પહેલેથી જ સૂચિત છે : ૧૦,૦૦૦ થી વધુ પ્રવાસ

★ અનરિઝર્વ્ડ ટ્રેનઃ ૧૫૦ ટ્રેન ઝડપી કામગીરી માટે તૈયાર

★ અતિરિક્ત : ૫૦ વધુ ટ્રેન ટૂંક સમયમાં નોટિફાઈ કરવામાં આવશે

સાધારણ રીતે સૌથી વધુ મુસાફરો ૧૫ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર વચ્ચે મુસાફરી કરે છે, અને રેલવે આ ભીડ સંભાળવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

સેવા ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો

કેન્દ્રિય મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જાહેરાત કરી કે રેલવે કામગીરીમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે, દેશમાં ૭૦ રેલવે ડિવિઝનોમાંથી ૨૯ ડિવિઝનમાં ૯૦% થી વધારે સમયપાલન પ્રાપ્ત થયું છે. કેટલીક ડિવિઝનોમાં સમયપાલનનો દર ૯૮% થી વધુ છે. આ શક્ય બન્યું છે રેલવે નેટવર્કમાં સુધારેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યોગ્ય આયોજન અને સરળ કામગીરીના કારણે.

### સબસ્ટ્રક્ચર કાર્યમાં એટલી સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેનાથી આઠ ઓલિમ્પિક આકારના સ્વિમિંગ પૂલ કોમ્પ્લેક્સ બની શકે છે

# અમદાવાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસમાં મોટી ઉપલબ્ધિઃ પ્લેટફોર્મ ૮/૯ પર સબસ્ટ્રક્ચરનું કામ રેકોર્ડ ૭૦ દિવસમાં પૂર્ણ થયું



**પ્લેટફોર્મ ૮ ટ્રેન સંચાલન માટે પુનઃ શરુ : નવજીવન એક્સપ્રેસ, એસી ડબલ ડેકર એક્સપ્રેસ, ગુજરાત ક્વીન એક્સપ્રેસ અને ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસનો પુનઃ અમદાવાદથી પ્રારંભ**

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનર્વિકાસમાં રેલ લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (RLDA) એ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. આ પ્રોજેક્ટ અમદાવાદ શહેરને એક અત્યાધુનિક, વિશ્વ કક્ષાનું સ્ટેશન પૂરું પાડવાના ઉદ્દેશ્યથી શરુ કરવામાં આવી છે જેમાં મુસાફરોને એરપોર્ટ જેવી સુવિધાઓ મળશે અને તેમના સ્ટેશન પરનો અનુભવ સંપૂર્ણ રીતે બદલાઈ જશે.

આ પ્રોજેક્ટ હેઠળ, ૫ જુલાઈ, ૨૦૨૫ થી પ્લેટફોર્મ ૮ અને ૯ પર ૭૦ દિવસનો મેગા બ્લોક હાથ ધરવામાં આવ્યો હતો, જેથી એક વિશાળ કોંક્રિટ કોક્રોર્સનું નિર્માણ થઈ શકે જેની લંબાઈ ૫૦૩ મીટર અને પહોળાઈ ૧૪૦ મીટર છે. આ કોક્રોર્સ પ્લેટફોર્મ નંબર ૧ થી ૯ સુધી ફેલાયેલો છે અને તેનો ઉદ્દેશ્ય મુસાફરોને દરેક પ્લેટફોર્મ પર સરળ રીતે અવરજવર ની સુવિધા આપવાનો છે.આ બ્લોક દરમિયાન, પ્લેટફોર્મ ૮ અને ૯ પર સબસ્ટ્રક્ચરનું નિર્માણ કાર્ય રેકોર્ડ ૭૦ દિવસમાં પૂરું કરવામાં આવ્યું, જે ભારતીય રેલવેના ઈતિહાસમાં પહેલી વાર આટલા મોટા પાયે આટલી કાર્યક્ષમતા અને સમયસરતા સાથે કરવામાં આવ્યું છે. આ દરમ્યાન કુલ ૧૪૬ પાઈલ, ૩૮ પાઈલ કેપ અને ૭૬ પેડેસ્ટલ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. ૪,૮૦૦ ઘન મીટર કોંક્રિટ અને ૫૧૦ મેટ્રિક ટન સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આ ઉપરાંત, ચાર એલિવેટર પિટ અને ચાર એસ્કેલેટર પીટ પણ બનાવવામાં આવ્યા હતા.

આ નિર્માણની ગુણવત્તા અને સ્કેલનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે આટલી સામગ્રીથી આઠ ઓલિમ્પિક આકારના સ્વિમિંગ પૂલ કોમ્પ્લેક્ષ બની શકે છે. આ કાર્યમાં એક ખાસ પાઈલ કેપ (૪૦ મીટર x ૮ મીટર આકારના) પણ શામેલ છે. તેમાં ૨૦ પાઈલ, ૧૦ પેડેસ્ટલ અને ૨ લિફ્ટ પિટ પણ સામેલ છે. આ સંરચના આવનારા સમયમાં બનનારા કોક્રોર્સની મજબૂતાઈ અને ટકાઉપણું માટે પાયો પૂરો પાડશે.

સબસ્ટ્રક્ચર નિર્માણ કાર્ય પછી પ્લેટફોર્મ ૮ ને ટ્રેનોના સંચાલન માટે પુનઃ ખુલ્લું મૂકવામાં આવ્યું છે, જેના કારણે નવજીવન એક્સપ્રેસ, એસી ડબલ ડેકર એક્સપ્રેસ, ગુજરાત ક્વીન એક્સપ્રેસ અને ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ જેવી મુખ્ય ટ્રેનોને અન્ય સ્ટેશનોથી અમદાવાદ સ્ટેશન પર પાછી સ્થાનાન્તરિત કરવામાં આવી છે. આનાથી મુસાફરોને વટવા, મણિનગર અથવા અસારવા જેવા વૈકલ્પિક સ્ટેશનો પર જવાની જરૂર રહેશે નહિ .

પ્લેટફોર્મ ૮ પર અસ્થાયી રૂપે મુસાફરોની સુવિધા માટે કવર્ડ શેડ,પીવાના પાણીની સુવિધા, સાઈન બોર્ડ વગેરે જેવી મૂળભૂત સુવિધાઓ કામચલાઉ ધોરણે વિકસાવવામાં આવી છે. મુસાફરોની સુવિધા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા,બાંધકામ દરમિયાન સ્ટેશનની દક્ષિણ બાજુએ ૬ મીટર પહોળો એક નવો ફૂટઓવર બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે, જે પ્લેટફોર્મ વચ્ચે સરળ ગતિવિધિ સુનિશ્ચિત કરવા માટે હાલની લિફ્ટ સાથે જોડાયેલ છે.

પશ્ચિમ રેલવે અને આરએલડીએ આ ઐતિહાસિક પ્રોજેક્ટને સમયસર, સુરક્ષિત રીતે અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ પુનર્વિકાસ માત્ર અમદાવાદ શહેર માટે જ નહીં, પરંતુ દેશભરના રેલ્વે મુસાફરો માટે એક નવું ઉદાહરણ પૂરું પાડશે.

# ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના કર્મચારીઓની સતર્કતાથી મહિલા મુસાફરને રૂા.૭૫,૦૦૦ કિંમતની અંગૂઠી પાછી મળી



પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળના કર્મચારીઓ મુસાફરોની સુરક્ષા અને સુવિધાને હંમેશા પ્રાથમિકતા આપે છે.

આ જ પ્રકારે, ભાવનગર મંડળના વાણિજ્ય વિભાગના કર્મચારીઓની સતર્કતાથી એક મહિલા મુસાફરને ગુમ થયેલી સોનાની અંગૂઠી સલામત રીતે પાછી મળી, જેના અંદાજિત કિંમત રૂા.૭૫,૦૦૦/- છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે, તારીખ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ (સોમવાર) ના રોજ સતારા (મહારાષ્ટ્ર) ની રહેવાસીની મહિલા મુસાફર વેરાવલ-જબલપુર એક્સપ્રેસ ટ્રેનમાં વેરાવલથી જૂનાગઢ માટે સ્લીપર કોચ જી૩ માં મુસાફરી કરી રહી હતી. જૂનાગઢ પહોંચ્યા પછી તેમને ખબર પડી કે તેમની સોનાની અંગૂઠી ટ્રેનમાં ક્યાંક છૂટી ગઈ હશે અથવા પડી ગઈ હશે.

મહિલા મુસાફરે ટિકિટ નિરીક્ષક કચેરીમાં મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી હિતેશ ચાવડા ને ઘટનાની જાણ કરી. સતર્કતા દર્શાવતા, તેમણે ટ્રેનમાં ઓન-ડ્યુટી ટિકિટ નિરીક્ષક શ્રી રાહુલ શર્મા સાથે વાત કરી અને શ્રી રાહુલ શર્મા મહિલા મુસાફરના સીટ પર જઈને શોધખોળ કરી. તેમના પ્રયત્નો દ્વારા અંગૂઠી ત્યાં જ મળી ગઈ.

ત્યારબાદ, તારીખ ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર) ના રોજ શ્રી રાહુલ શર્મા ટ્રેન નંબર ૧૧૪૬૬ માં અંગૂઠી લઈને મહિલા મુસાફરને જૂનાગઢમાં સોંપી. મહિલા મુસાફરે પોતાની મનપસંદ અને કિંમતી અંગૂઠી સુરક્ષિત રીતે પ્રાપ્ત થયા પછી ભાવનગર મંડળના બંને કર્મચારીઓ અને રેલવે પ્રશાસનનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ વાણિજ્ય વિભાગના કર્મચારીઓની આ પ્રશંસનીય કામગીરીની પ્રશંસા કરતા તેમને અભિનંદન અને પ્રોત્સાહન આપ્યું.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોના ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત ૨૫ સપ્ટેમ્બર ગુરૂવારે યોજાશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતો રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત સપ્ટેમ્બર મહિનાનો રાજ્ય સ્વાગત ગુરૂવાર તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિને આ રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે.આ ઉપક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર ૨૦૨૫નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૫ સપ્ટેમ્બરને ગુરૂવારે યોજાવાનો છે. નાગરિકો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવારે, તા.૨૫ સપ્ટેમ્બરના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

## દ્વારકામાં બુલડોઝર કાર્યવાહી બીજા દિવસે પણ યથાવતઃ રૂ. ૩.૧૫ કરોડની સરકારી જમીન દબાણમુક્ત કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)દ્વારકા

દ્વારકા જિલ્લામાં ગેરકાયદેસર બાંધકામો સામે વહીવટી તંત્રની મેગા ડિમોલિશન ડ્રાઈવ હાથ ધરી છે. આજે આ ડ્રાઈવનો બીજો દિવસ હતો. જેમાં ચરકલાથી દ્વારકા જતા મુખ્ય રસ્તા પર સરકારી જમીન પર થયેલા અનધિકૃત દબાણોને હટાવાયું છે. આ કાર્યવાહી દરમિયાન અત્યાર સુધીમાં કુલ પાંચ ગેરકાયદેસર હોમસ્ટે સહિત અનેક ભવનોને તોડી પાડવામાં આવ્યા છે. આથી લગભગ ૫,૭૫૦ ચોરસ મીટર જેટલી કિંમતી સરકારી જમીનને દબાણમુક્ત કરીને રૂ. ૩.૧૫ કરોડનું આર્થિક નુકસાન ટાળવામાં આવ્યું છે.

આ કાર્યવાહી પ્રાંત અધિકારી અમોલ આવટેના નેતૃત્વમાં દ્વારકા પોલીસ અને નગરપાલિકાની સંયુક્ત ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે બુલડોઝરો ફરી વળ્યા છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે, અગાઉથી જ દબાણકર્તાઓને નોટિસ આપવામાં આવી હતી અને મુદત પૂરી થયા પછી પણ દબાણ ન હટાવવાથી આ કાર્યવાહી કરવી પડી છે. જો ભવિષ્યમાં પણ ગેરકાયદેસર રીતે ધમધમતા અન્ય ભવનો પર કાર્યવાહી કરવામાં આવશે.આ ડિમોલિશન ડ્રાઈવના કારણે યાત્રાધામ દ્વારકાના વિસ્તારોમાં વ્યાપક અસર પડી છે. કારણ કે આ કાર્યવાહીમાં પાંચ અનધિકૃત બાંધકામોને તોડી પાડવામાં આવ્યા છે, જેમાં હોમસ્ટે અને અન્ય વ્યાપારી બાંધકામોનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી મુખ્ય રસ્તા પરની સરકારી જમીનને ખુલ્લી કરાવીને યાત્રીઓ અને સ્થાનિક વ્યવહારને વધુ સરળ બનાવવાનો ઉદ્દેશ છે. આ કાર્યવાહી 'દેવભૂમિ દ્વારકા કોરિડોર' વિકાસ યોજનાના ભાગરૂપે કરી હોવાનું મનાઈ રહ્યું છે.

# મંત્રીમંડળમાં નામ પાકુ કરાવવા મંત્રીઓએ મુલાકાતીઓને રઝળતા મુકી અમિત શાહના કાર્યક્રમમાં વ્યસ્ત રહેતા મુલાકાતીઓમાં નારાજગી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી મંત્રી મંડળની વિસ્તરણની વાતો વહેતી થઈ રહી છે પરંતુ કોઈકને કોઈક કારણોસર મંત્રી મંડળ વિસ્તરણમાં વિલંબ થઈ રહ્યો છે. ગુજરાતમાં છેલ્લા એક મહિનાથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વારંવાર મુલાકાતને લઈ ધારાસભ્યોમાં મંત્રી મંડળ અને સંગઠનમાં ફેરફાર થવાની આશા જન્મી હતી અને તેમાંય ગઈ કાલે રાત્રે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને પાટીલની સુરત ખાતે પાટીલના નિવાસ સ્થાને યોજાયેલી બંધ બારણે બેઠકને લઈ




ધારાસભ્યોમાં મંત્રી મંડળમાં લોટરી લાગી શકે છે તેવી આશા જન્મી હતી. જેને લઈને આજે મંગળવારે ધારાસભ્યો અને મુલાકાતીઓનો દિવસ હોવાને કારણે મુલાકાતીઓ દુર દુર થી ભાડા બગાડી સવાર થી જ મંત્રીશ્રીઓની મુલાકાતે આવ્યા હતા. પરંતુ એકેય મંત્રી જોવા ન મળતા મુલાકાતીઓમાં નારાજગી જોવા મળી હતી. સ્વર્ણિમ-૧ અને સ્વર્ણિમ-૨ માં એકેય મંત્રીઓ હાજર ન હતા, મંત્રીઓના કાર્યાલયથી મુલાકાતીઓને એકજ જવાબ મળતો હતો કે સાહેબ મહાત્મા મંદિરે અમિતભાઈના કાર્યક્રમમાં વ્યસ્ત છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે મંત્રીઓને વિકાસના કામોમાં રસ નથી તેનાથી વધુ પોતાની ખુરશી સાચવવા માટે વધુ રસ છે. મુલાકાતીઓના કામોમાં મંત્રીઓને રસ નથી, તેનાથી વધુ મંત્રી મંડળમાં મારૂ નામ ફાઈનલ થઈ જાય, તો કેટલાક વર્તમાન મંત્રીઓની બાદબાકી ન થાય તે માટે મુલાકાતીઓને રઝળતા મુકી મહાત્મા મંદિરમાં મંત્રીઓ અમિત શાહના કાર્યક્રમમાં વ્યસ્ત રહેતા, મુલાકાતીઓમાં રોષ ભભુકી ઉઠયો હતો.

# અમિત શાહે ગાંધીનગર ખાતે સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૫નો કરાવ્યો પ્રારંભ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર ખાતે આયોજીત બે દિવસીય સ્ટાર્ટઅપ કોન્કલેવ અને એકિઝબિશન ૨૦૨૫ નો આજે મંગળવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શુભારંભ કરાવ્યો હતો, સ્ટાર્ટઅપ એકિઝબિશનનો પ્રારંભ કરાવીને કેન્દ્રીય ગૃહ મંત્રીને વિવિધ સ્ટાર્ટઅપ સ્ટોલ્સની પ્રત્યક્ષ મુલાકાત લઈ ઉધમીઓ સાથે સંવાદ કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ વેળાએ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી ઋષીકેશ પટેલ અને ઉદ્યોગમંત્રી બલવંતસિંહ રાજપુત પણ ઉપસ્થિત રહ્યા હતા.




દેશના યુવા ઉધમીઓને સ્ટાર્ટઅપ ક્ષેત્રે થયેલી ક્રાંતિનો યશ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૪ પહેલા દેશમાં માત્ર ૫૦૦ જેટલા સ્ટાર્ટઅપ્સ અને ૪ જ યુનિકોર્ન હતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોમાં રહેલી ક્ષમતાને ઉજાગર કરવા સ્ટાર્ટઅપ્સને આપેલા પ્રોત્સાહનોના પરીણામે આજે દેશમાં ૧.૯૨ લાખ થી પણ વધુ સ્ટાર્ટઅપ્સ અને ૧૨૦ થી વધુ યુનિકોર્ન કાર્યરત છે, જેની કુલ વેલ્યુ ૩૫૦ બીલીયન ડોલર થી પણ વધુ થાય છે, પરીણામે આજે ભારતનો યુવાન જોબ સીકરમટી, જોબ ગીવર બની રહ્યો છે.

તેમણે યુવાનોમાં રહેલી આ ક્ષમતાનો લાભ લેવા ઉદ્યોગકારો અને રોકાણકારોને પણ અપીલ કરી હતી. સ્ટાર્ટઅપ કોન્કલેવી આ બીજી આવૃતિ અંગે તેમણે કહ્યુ હતુ કે સતત બે દિવસ ચાલનારા આ કોન્કલેવમાં ભારતને દરેક ક્ષેત્રે સર્વોચ્ચ બનાવવા અને દરેક નાગરીકના જીવનમાં સમયાનુકુળ પરીવર્તન માટે ચિંતા અને ચિંતન થકી સમસ્યાના સમાધાન માટે ૭ સત્રોમાં વિચાર વિમર્સ કરવામાં આવશે.


વર્ષ ૨૦૨૩ માં સ્ટાર્ટઅપ કોન્કલેવની પ્રથમ આવૃત્તિની સફળતા બાદ આ બીજી આવૃત્તિ દેશ પ્રદેશના ભવિષ્યને ઉજ્જવળ બનાવવામાં વધુ મદદરૂપ પુરવાર થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્ટાર્ટઅપ કોન્કલેવ ૨૦૨૫ માં નવા સ્ટાર્ટઅપ્સ અને યુવાનોને પ્રેરણાદાયી સંબોધન કર્યુ હતું. તેમણે જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની ડેમોક્રેસી, ડેમોગ્રાફી અને સ્કીલ્ડ વર્કફોર્સ ના મહત્તમ ઉપયોગથી ભારતને ગ્લોબલ મેન્યુફેકચરીંગ હબ બનાવવા મેક ઈન ઈન્ડીયા-મેડ ફોર ધ વર્લ્ડ નુ વિઝન આપ્યુ છે. ભારત આજે ગ્લોબલ સ્ટાર્ટઅપ સ્પેસમાં એક નવી આશા તરીકે ઉભરી આવ્યુ છે તેની પાછળ આદરણીય વડાપ્રધાનનુ આ આગવુ વિઝન રહેલુ છે.

મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે વડાપ્રધાનના આ વિઝનના પરીણામે મેક ઈન ઈન્ડીયા , ડીઝિટલ ઈન્ડીયા અને આત્મનિર્ભર ભારત જેવા મોટા અભિયાનો શરૂ થયા છે તેના કારણે ઈન્ડસ્ટ્રી, ઈકોનોમી અને સ્ટાર્ટઅપ્સ સહિતના સેકટર્સને વેગ મળ્યો છે.

# ગાંધીનગરમાં સાયકો કીલર હત્યારો ઝડપાયો : બર્થ-ડે સેલીબ્રેટ કરતા કપલ પર હુમલો કરી યુવકની કરી હતી હત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરની અંબાપુર નર્મદા કેનાલ પાસે ૨૦ સપ્ટેમ્બરે યુવકની હત્યા કરનાર સાયકો કીલર ઝડપાઈ જવા પામ્યો છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સાયકો કીલર વિપુલ પરમારની ધરપકડ કરી છે, નોંધનીય છે કે અંબાપુર નર્મદા કેનાલ પાસે ૨૦ સપ્ટેમ્બરે એક યુવક યુવતિ મોડી રાત્રે પોતાના બર્થ ડે ની ઉજવણી કરી રહ્યા હતા. ત્યારે એક અજાણ્યો શખ્સ લુંટના ઈરાદે આવ્યો હતો. ત્યાં તેણે યુવકને છરી બતાવી લુંટ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે યુવક યુવતિએ પ્રતિકાર કરતા તે શખ્સે છરીથી હુમલો કર્યો હતો , આ હુમલામાં વૈભવ મનવાણી નામના યુવકનુ ઘટનાસ્થળે મોત નિપજયુ હતું અને યુવતિ ગંભીર ઈજાગ્રસ્ત થતા તેને સારવાર માટે હોસ્પીટલ ખસેડાઈ




હતી. શહેરના સરદારનગર વિસ્તાર માં રહેતા એક યુવકનો જન્મદિવસ હોવાથી તે પોતાની એક યુવતિ સાથે અંબાપુર નજીક કેનાલ પાસે બર્થ ડે મનાવવા ગયો હતો આ દરમિયાન કેટલાક લુખ્ખાતત્વોએ તેમના પર હુમલો કર્યો હતો. લુંટના ઈરાદે આવેલા આ અજાણ્યા શખ્સોએ યુવકને છરીના ઘા ઝીંકી તેની હત્યા કરી હતી. આ ઘટનાબાદ યુવતિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં કારમાં મળી આવી હતી, યુવતિને તાત્કાલીક અમદાવાદ સીવીસ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી.

નોંધાયેલ ફરીયાદ અનુસાર અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતી એક યુવતિ તેના મિત્ર વૈભવ શંકર મનવાણી (ઉ.વ.૨૫) સાથે જન્મદિવસની ઉજવણી કરવા ગઈ હતી, તે દરમિયાન લુંટ અને હુમલાનો બનાવ બન્યો હતો. મિત્ર વૈભવના જન્મદિવસની ઉજવણી માટે યુવતિ અમદાવાદના સિંધુભવન રોડ પર ગઈ હતી, ત્યાંથી અન્ય બે મિત્રોને ઉતારીને યુવતિ અને વૈભવ તપોવન સર્કલ પાસે મેટ્રોના કેબલ બ્રિજ નજીક સર્વિસ રોડ પરની નર્મદા કેનાલની બાજુમાં વાતચીત કરી રહ્યા હતા. વૈભવને બચાવવા વચ્ચે પડેલી યુવતિને પણ ૩ જેટલા ઘા વાગ્યા હતા. આ હુમલાથી ગભરાઈને યુવતિએ પોતાનો અને વૈભવનો મોબાઈલ, ઘડીયાળ, પર્સ સહિત પર હજારનો મુદ્દામાલ લુંટારૂઓને આપી દીધો હતો. લુંટારૂ વૈભવની સ્કોડા કાર લઈને ભાગી ગયો, પરંતુ થોડે દુર કાર બંધ થઈ જતા તેને ત્યાં જ મુકીને નાસી છુટયો હતો.

# રાજકોટ શહેરમાં હોટલોને યુવક-યુવતિઓને એક-બે કલાક માટે રૂમ ન આપવા પોલીસનો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

નવરાત્રી નો તહેવાર શરૂ થતા જ રાજકોટ પોલીસ સક્રિય થઈ ગઈ છે અને શહેરની હોટલો માટે નવા કડક નિયમો જાહેર કૃયા છે. ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ એ હોટલ સંચાલકો સાથે બેઠક યોજીને સુચના આપી છે કે યુવક- યુવતિઓને બે-ત્રણ કલાક માટે રૂમ ભાડે આપવાનુ ટાળવુ , આ ઉપરાંત સગીરાઓનુ શોષણ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા માટે પણ કેટલાક મહત્વના નિયમોનુ પાલન કરવાનુ ફરજીયાત બનાવ્યુ છે. આ પગલાથી રાજકોટ શહેરમાં ગંભીર ગુન્હાઓ અટકાવવાની આશા રાખવામાં આવી રહી છે.

રાજકોટમાં કેટલીક હોટલોમાં યુગલોને એકાંત પુરો પાડવા માટે એક-બે કલાક માટે રૂમ ભાડે આપવાની પ્રથા ચાલી રહી હતી. આ મામલે ડીસીપી રાકેશ દેસાઈએ




હોટલ સંચાલકો સાથે બેઠક યોજીને સ્પષ્ટ સુચનાઓ આપતા કહ્યુ હતુ કે જો કોઈ યુવતિ મોંઢા પર રૂમાલ કે દુપટ્ટો બાંધીને આવે તો તેનો ચહેરો આધારકાર્ડના ફોટા સાથે મેચ કરવો ફરજીયાત છે આ ઉપરાંત તેમણે હોટલના સંચાલકોને સ્થાનિક યુવક -યુવતિઓને ટુંકા સમયગાળા માટે રૂમ ન આપવાની પણ સલાહ આપી છે. ડીસીપી ઝોન-૧ ના રાકેશ દેસાઈએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આવા કિસ્સાઓમાં ઘણીવાર સગીરાઓનુ શારીરીક શોષણ થતુ હોવાનુ બહાર આવ્યુ છે જેનાથી ગંભીર ગુન્હાઓ બને છે. ડીસીપી દેસાઈએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે જો કોઈ સ્થાનિક વ્યકત કોઈ યુવતિ સાથે આવે તો રૂમની શુ જરૂર પડે ? આ ઉપરાંત એકલા આવતા સ્થાનિક વ્યકિતને રૂમ ન આપવાની પણ સલાહ આપવામાં આવી છે. જેથી આપઘાત જેવા બનાવો ને અટકાવી શકાય, આ પગલાનો મુખ્ય હેતુ હોટલોમાં ચાલતા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને યુવતિઓનુ થતુ શોષણ અટકાવવાનો છે.

પોલીસે હોટલ સંચાલકોને અન્ય પણ કેટલાક નિયમોનુ પાલન કરવા જણાવ્યુ છે જેમાં પથિક સોફટવેરમાં તમામ મહેમાનોનુ ફરજીયાત રજીસ્ટ્રેશન, હોટલના રજીસ્ટરમાં વિગતોની નોંધ અને સમગ્ર પરીસરમાં સીસીટીવી કેમેરા લગાવવાનો સમાવેશ થાય છે. જો કે આ નિયમો નવરાત્રી ની શરૂઆત થયા બાદ કેમ યાદ આવ્યા તેવો સવાલ પણ લોકોમાં ઉઠી રહ્યો છે. પોલીસ દ્વારા અપાયેલી આ સુચનાઓનુ કેટલુ પાલન થાય છે અને તેનાથી ગુન્હાઓ અટકે છે કે કેમ તે આવનારા દિવસોમાં જ સ્પષ્ટ થઈ જશે.

# મંત્રી મંડળ નહી ભુપેન્દ્ર પટેલ ગુજરાતને વધુ નર્મદાના નીર મળવાની આશાએ પહોચ્યા હતા દિલ્હી દરબારમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે હતા ત્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી પહોચ્યા હતા, તેમના દિલ્હી પ્રવાસ પાછળ મંત્રી મંડળના ફેરબદલની થીયરી ચાલી રહી છે, પરંતુ આ વાત સત્ય નથી કારણ કે મુખ્યમંત્રી મંત્રીમંડળના ફેરબદલ માટે નહી પરંતુ નર્મદા ટ્રીબ્યુનલ મુદ્દે બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી પહોચ્યા હતા. તેઓની દિલ્હીની મુલાકાત બિનરાજકીય હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે પરંતુ તેઓ એક લીસ્ટ સાથે રાખીને દિલ્હી ગયા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે, નર્મદા વોટર ટ્રીબ્યુનલ એવોર્ડની બેઠકમાં તેઓ ભાગ લેવા ગયા હતા, છેલ્લા ૪૫ વરસથી નર્મદાના નીર ની વહેંચણીમાં ગુજરાત છેલ્લા ૪૫ વરસથી અન્યાય સહન કરી રહ્યુ છે, ગુજરાતને તેના હક્કનુ વધુ નર્મદાનુ પાણી મળે તેવા સુખદ સંજોગો પણ હાલ દેખાઈ રહ્યા છે, ગુજરાતમાં પાણીની કાયમી અછત ભોગવતા સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોને પાણી મળી રહે તે માટે ૧૯૭૯ નર્મદા વોટર ટ્રીબ્યુનલ એવોર્ડની સ્થાપના કરવામાં આવી હતી જેમાં કેવડીયા




ખાતે એક વિશાળ ડેમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જેમાં થી ગુજરાત ઉપરાંત મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન એમ ચાર રાજયો સાથે નર્મદા ડેમના પાણીની વહેંચણી કરવામાં આવી હતી, વિશ્વ બેંક દ્વારા ગુજરાત સરકારને નર્મદા ડેમ બનાવવા માટે ૨૦ વરસ માટે વ્યાજમુકત લોન આપવાની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્ર-કચ્છ સુધી નર્મદાના પાણી પહોચાડવા માટે કલોઝ કેનાલ બનાવવાની શરત રાખવામાં આવી હતી, રાજયની તત્કાલીન કોંગ્રેસ સરકાર અને તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલને આ શરતથી પક્ષને ટુંકા ગાળામાં કોઈ રાજકીય લાભ મળે તેમ ન હોય વર્લ્ડ કપની ૦ ટકા વ્યાજની લોન હુકરાવી ઓપન કેનાલ બનાવવાની જાહેરાત કરી હતી, નર્મદા ડેમના પ્રોજેકટને સાકાર કરવા નર્મદા બોન્ડ પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા, જેના પર ૧૭ ટકા જેવુ તોતીંગ વ્યાજ આપવામાં આવ્યુ હતું. ગુજરાતની જનતા પર આ સૌથી મોટો બોજો હતો. વગર વ્યાજના પૈસાની ઓફર માત્ર રાજકીય લાભ મેળવવા હુકરાવી દેવામાં આવી અને ૧૭ ટકા વ્યાજના બોન્ડ પ્રસિધ્ધ કરવામાં આવ્યા , નર્મદા ડેમ ગુજરાતમાં બન્યો અને પ્રોજેકટનો તમામ ખર્ચ પણ ગુજરાતે ઉઠાવ્યો હતો.

ગુજરાતને તેના હક્ક મુજબ પાણી મળતુ નથી હાલ કેન્દ્રમાં ભાજપની સરકાર છે, જયારે મધ્ય પ્રદેશ , રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં પણ ભાજપની સરકાર હોય ગુજરાત માટે હવે મોસાળે જમણ અને માં પીરસનાર જેવો માહોલ સર્જાયો છે. આજે નર્મદા વોટર ટ્રીબ્યુનલ એવોર્ડની બેઠકમાં ગુજરાતને વધારાનુ નર્મદાના પાણી આપવાનો નિર્ણય લઈ શકાય છે. ૪૫ વરસનો અન્યાય આજે દુર થવાના સંકેતો મળી રહ્યા છે, નર્મદા ડેમને ગુજરાતની જીવાદોરી સમાન જોવાને બદલે રાજકીય દ્રષ્ટીજ નિહાળવામાં આવે છે, ડેમની ઉંચાઈ વધારવા કે ડેમ પર દરવાજા મુકવાની તમામ બાબતોમાં માત્રને માત્ર રાજકીય હેતુ જ રાખવામાં આવે છે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર બન્યા બાદ ગુજરાતને નર્મદા ડેમમાં થતો અન્યાય દુર થયો છે. હવે જો વધારાનુ પાણી આપવાનો નિર્ણય લેવામાં આવે તો સોનામાં સુગંધ ભરી જાય.

### રાજયમાં પહેલા ભાજપના સંગઠનમાં ફેરફાર થયા બાદ મંત્રી મંડળના વિસ્તરણ અંગે વિચારણા થશે

# પાટીલ-પટેલ અને શાહ જુથવાદને લઈ મંત્રી મંડળ વિસ્તરણની વાત પડતી મુકાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મંત્રીમંડળમાં જુથવાદ ચાલી રહ્યો છે. હાલના મંત્રીમંડળમાં સીઆર પાટીલ, અમિત શાહ અને આનંદીબેન પટેલ જુથના મંત્રીઓ મંત્રીમંડળમાં છે તો બીજી તરફ મંત્રી મંડળનુ વિસ્તરણની વાતો વહેતી થયા બાદ અચાનક પાટીલ-પટેલ અને શાહ જુથવાદને લઈ હાલ પુરતી મંત્રી મંડળ વિસ્તરણ પર રોક લગાડી દેવામાં આવી છે.

ગુજરાતમાં છેલ્લા બે મહીનાથી વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અંતર્ગત ગુજરાતનો પ્રવાસ કરી રહ્યા છે. આ દરમિયાન રાજયમાં મંત્રીમંડળ અને સંગઠનના ફેરફાર અંગે અનેક અટકળો ચાલી હતી. અમિત શાહની ભાજપના આગેવાનો



સાથેની મુલાકાતો બાદ પણ નવા પ્રદેશ પ્રમુખ અંગેની અટકળો શરૂ થઈ હતી. આ અગાઉ ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે પણ મંત્રી મંડળમાં ફેરફાર અંગેના સંકેતો આપ્યા હતા.

વિધાનસભાનુ સત્ર અને શ્રાધ્ધ પક્ષ હોવાથી મંત્રી મંડળનુ વિસ્તરણ નવરાત્રી અથવા તો નવરાત્રી બાદ થશે તેવી ચર્ચાઓ શરૂ થઈ હતી. હવે નવરાત્રી શરૂ થયા બાદ એવી અટકળો શરૂ થઈ છે કે હાલ મંત્રી મંડળમાં કોઈ ફેરફારની શકયતાઓ નથી. ભાજપના સંગઠનમાં ફેરફાર થયા બાદ સરકારમાં ફેરફાર અંગે વિચારણા કરાશે. તો બીજી તરફ સ્થાનિક સ્વરાજયની ચુંટણી પણ આગામી સમયમાં યોજાવવાની હોવાથી હાલમાં મંત્રી મંડળમાં ફેરફારને કોઈ સ્થાન નથી. આજે મંગળવારે દિલ્હી ખાતે પૂર્વ આયોજીત એક બેઠકમાં ભાગ લેવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રવાના થયા હતા. જે મોડી રાત્રે પરત ફરવાના હતા ત્યારે મંત્રી મંડળમાં ફેરફાર કયારે થશે તેની ચર્ચાઓ જોરશોરથી શરૂ થઈ ગઈ છે.

ગત ઓગસ્ટ મહિનામાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે કમલમ ખાતે બેઠક યોજી હતી, આ બેઠકમાં તેમણે ટુંક સમયમાં મંત્રી મંડળનુ વિસ્તરણ થશે તેવા સંકેત આપ્યા હતા. આ બેઠકમાં તેમણે કહ્યુ હતુ કે મંત્રી મંડળમાં સ્થાન મેળવનાર નસીબદાર હશે, આપણે ટુંક સમયમાં બે વખત મળીશુ, તેમણે મંત્રીઓ અને કાર્યકર્તાઓને ભગવાન ગણેશના દર્શન કરવા ટકોર કરી હોવાનુ પણ જણાવ્યુ હતું. ત્યારબાદ ગાંધીનગરમાં રાજયપાલ સાથે વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી સાથે બેઠક કરી હતી.

### રૂ.૮૮૮૦ રોકડ અને કાર સાથે રૂ.૧,૭૩,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરતી પોલીસ

# ભાવનગરમાં વડાપ્રધાનની સભામાં મોબાઈલ, રોકડ અને પર્સની તફડંચી મામલે ૫ ગઠીયા ઝડપાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભાવનગરના જવાહર મેદાન ખાતે યોજાયેલી વડાપ્રધાનની જાહેરસભા દરમિયાન સભામાં આવેલા લોકો પાસેથી મોબાઈલ, રોકડ અને પર્સ સહિતની વસ્તુઓની ચોરી કરતા ૫ શખ્સોને એલસીબીએ શહેરના ક્રેસન્ટ વિસ્તારમાંથી રોકડા રૂપીયા ૮૮૮૦ અને કાર મળી કુલ ૧,૭૩,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભાવનગર એલસીબી પોલીસે શહેરના ક્રેસન્ટ વિસ્તારમાંથી બાતમીના આધારે હુન્ડાઈ કાર નંબર જીજે ૦૨ એપી ૭૦૯૭ માં રહેલા અસ્ફાક અહેમદખાન હનીફખાન પઠાણ (ઉ.વ.૩૬ રહે મણીનગર અમદાવાદ), સરફાજ અહેમદ મહંમદ યુનુસ અંસારી (ઉ.વ.૨૮ રહે ભૈરવનાથ રોડ, મણીનગર અમદાવાદ), અરબાઝખાન ઉર્ફે યુનુસ નાસીરખાન પઠાણ (ઉ.વ.૨૭ રહે આઈશાબીબીની ચાલી, મણીનગર અમદાવાદ), સુહાન અબ્દુલકાદર ખોખર (ઉ.વ.૧૮ રહે મસ્જીદ પાછળ મણીનગર) તેમજ ઈરફાન સફીભાઈ મલેક (ઉ.વ.૩૧ રહે. એકતાનગર ના છાપરા, દાણીલીમડા અમદાવાદ) ને મોબાઈલ, રોકડ સહિત ઝડપી લઈ પુછપરછ કરતા તમામે ગઈ તા. ૨૦ ના શહેરના જવાહર મેદાન ખાતે યોજાયેલી વડાપ્રધાનની જાહેરસભામાં આવેલા



લોકો પાસેથી મોબાઈલ તેમજ પાકિટ અને રોકડની ચોરી કર્યાની કબુલાત આપતા રોકડા રૂપીયા ૮૮૮૦ અને કાર મળી કુલ રૂપીયા ૧,૭૩,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં હવે પરીવર્તનની આંધી ઉઠશે : વિસાવદરની જનતાએ નવી દિશા આપી હવે આખુ ગુજરાત વિસાવદરવાળી કરવા તત્પર : ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં હવે જનતા જાગી ગઈ છે. તેનો ભ્રમ પણ તુટી ગયો છે લોકો હવે પરીવર્તન ઝંખે છે અને મ્યુનિસીપલ કોર્પોરેશન તેમજ નગરપાલિકામાંથી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓમાં વિસાવદરવાળી નિશ્ચિત છે. જનતાના આશીર્વાદથી ગુજરાતમાં આમ આદમી પાર્ટી એક સબબ વિકલ્પ આપવા તૈયાર છે. તેમ વિસાવદરની વિધાનસભાની પેટા




ચુંટણીમાં વિજય મેળવી ગુજરાત ભાજપને જબરો આંચકો આપનાર આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતું.

ગરવી ગુજરાતની શુભેચ્છા મુલાકાતે આવેલા ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અત્યારે ગણાવી શકાય નહી તેટલી સમસ્યા છે, એક સમસ્યા હોય તો ગણાવી શકાય, ગોપાલ ઈટાલીયાએ જણાવ્યુ હતુ કે વિસાવદરની ચુંટણી બાદ હું ગુજરાતમાં ફરી રહ્યો છુ, દરેક જગ્યાએ મને ખુબ ઉર્જા મળી છે, લોકો ભાજપના વિકલ્પની શોધમાં છે અને તેના કારણે જ વિસાવદરવાળી કરવાનો નારો સર્વત્ર ગુંજવા લાગ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે રાજકોટ મહાનગરપાલિકામાં પણ ખુબ જોમ અને જુસ્સાભેર લડીશુ, લોકો વચ્ચેથી જ સારા ઉમેદવારો શોધીને ચુંટણી લડાવીશુ, હાલ ગુજરાતમાં સંગઠન વધુ મજબુત કરી રહ્યા છીએ અને વધુને વધુ લોકોને આમ આદમી પાર્ટી સાથે જોડી રહ્યા છીએ, ૨૦૨૭ માં ગુજરાત સરકાર બનાવવી તે જ અમારૂ લક્ષ્ય છે. પેટા ચુંટણી પછી સંગઠન વધુ મજબુત બનાવવા આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં ૧ હજાર સભાઓ કરી છે અને તેમાં ખુબ મોટી સંખ્યામાં લોકો અમારી સાથે જોડાયા છે.